ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૭૩ ટકા

# અનલોક-૫ બાદ સે-૨૧ માર્કેટમાં ભારે ભીડ

## શહેરીજનો કોરોનાને લઈને નિશ્ચિંત : રસી ન શોધાય ત્યાં સુધી સતર્કતા જરૂરી

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરમાં કોરોનાના કેસ વધતા જઈ રહ્યા છે ત્યારે લોકડાઉનમાં શહેરીજનોએ કોરોના બાબતે જેટલું ધ્યાન આપ્યું તેટલું જ ધ્યાન અનલોક-૫ થયા બાદ નથી આપી રહ્યા તેવું જણાઈ રહ્યું છે. શહેરના સે-૨૧ શાકમાર્કેટમાં ભારે ભીડ જોવા મળી હતી તથા પાર્કિંગ ઝોન પણ વાહનોથી છલકાતો હતો.

શહેરના તમામ વિસ્તારમાં તમામ જરૂરી ચીજવસ્તુઓની દુકાન હવે થઈ ગઈ છે. ભાગ્યે જ મોટા માર્કેટમાં જવું પડે તેમ છે પરંતુ છતાંય શહેરીજનો સે-૨૧ માર્કેટમાં આંટા મારી રહ્યા છે. આમ તો સંક્રમણ ન થાય તે માટે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ પણ દેશવાસીઓને સચેત કર્યા છે પરંતુ શહેરીજનો કોરોના છે તે ભૂલીને બસ પોતાના મનની કરી રહ્યા છે. જો આમને આમ ઘરની બહાર બધા નીકળવા લાગ્યા તો કોરોનાના કેસ વધતા વાર નહી લાગે તે ધ્યાન લેવા જેવી બાબત છે અને આજે જો ૩ મહિના કામ વગર ઘરની બહાર નથી નીકળ્યા તો હજી પણ ન નીકળે તો કાંઈ અટકી નથી જવાનું અને ઘરનું એક સદસ્ય ઘરની બહાર જતું હોય તો તે જ દરેક કામ પતાવે તેવો આગ્રહ રાખવામાં આવે તો આ ભીડ ઓછી થઈ જ શકે. શહેરમાં અમુક તો માસ્ક પહેર્યા વગર જ આંટા ફેરા કરી રહ્યા છે તે બાબતને પણ ધ્યાનમાં લેવા જેવી છે. કોરોનાની રસી ન શોધાય ત્યાં સુધી શહેરના તમામ નાગરિકોએ સંભાળીને રહેવાની જરૂર છે તેવું ડોકટર પણ માને છે. હવેના સમયમાં તો લાગે છે કે શહેરીજનો કોરોનાને લઈને નિશ્ચિંત થઈ ગયા છે. આ નિશ્ચિંતતા પણ કયાં સુધી? કોરોનાથી સંક્રમીત થતા આજે જરાય વાર નથી લાગતી એટલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી કહે છે તેમજ જયાં સુધી કોરોનાની રસી ન શોધાય ત્યાં સુધી આ બાબતે સતર્કતા રાખવી જરૂરી છે.






# શહેરના યુવાને રક્તદાન શિબિર સહિતની સેવા કરીને જન્મદિવસની ઉજવણી કરી



ગાંધીનગર, તા.૨૦
આજ-કાલ જન્મદિવસની ઉજવણીમાં કેક તથા પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ કરવાના બદલે કોરોનાના કપરા કાળમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે લોહીની ખૂબ જરુર છે ત્યારે પાટનગરના યુવાન કુશ વિનોદકુમાર ઉદેચા દ્વારા પ.પૂ. શ્રી જલારામ બાપાના જીવમાત્રની સેવાના મંત્રાને અનુસરતા તા. ૨૦ ઓકટોબરના રોજ તેમના સેકટર-૧૭ ના કાર્યાલય ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોઈપણ જાતની જાહેરાત કર્યા વિના પોતાના અંગત મિત્ર વર્તુળમાંથી જ ૧૫ જેટલી લોહીની બોટલ એકઠી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર મ.ન.પા. ના કર્મચારી મયુરભાઈ સોલંકી પ્લાઝમા ડોનર તરીકે રહ્યા હતા. આ શિબિરમાં રક્તદાતાઓ, પધારેલા આમંત્રિતો અને સિવિલ હોસ્પિટલ રકતદાન સ્ટાફને ચકલી ઘર, પક્ષી માળો, પક્ષી ચણ/પાણી પાત્ર, માસ્ક, સેનીટાઈઝર તથા ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત સિવિલ હોસ્પિટલ દ્વારા રક્તદાતાઓને સર્ટિફિકેટ સાથે પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યને સફળ બનાવવા સેવાભાવી યુવાન પ્રિયંક ગીરીશભાઈ ઠક્કર, વિનોદભાઈ ઉદેચા, ગીરીશભાઈ ઠક્કર (SAI), હર્ષ ઠક્કર તેમજ સીવીલ હોસ્પિટલ રકતદાન સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ગાંધીનગરના વાવોલમાં પ્રાણઉર્જા જ્ઞાનપ્રાપ્તિ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૦
તિબેટના બુધ્ધિસ્ટ લામાઓની પ્રાણઉર્જાની, શ્રેષ્ઠ રીતે જીવવાની અને સહજ રીતે મૃત્યુને સ્વીકારવાની સઘન તાલીમ મેળવનાર નિખિલ મહેશ્વરી દ્વારા 'પ્રાણઉર્જાપ્રાપ્તિ શિબિર'નું આયોજન વિના મૂલ્યે તા.૨૪ ઓક્ટોબર(શનિવાર)ના દિવસે બપોરે વાવોલ ખાતે કરવામાં આવ્યું છે.

પ્રાણઉર્જા મનુષ્યને જીવવાનું બળ આપે અને મોતના ભયથી મુક્તિ આપે છે. તિબેટના બુધ્ધિસ્ટ લામાઓ સુંદર રીતે મૃત્યુ કેમ મેળવવું તેની પણ તાલીમ લેતા હોય છે અને આ તાલીમનો પ્રારંભ સુંદર રીતે કેમ જીવાય તે શીખવવાથી થતો હોય છે. આવા બુધ્ધિસ્ટ લામાઓ ૧૯૬૦ પછી ભારતના હિમાચલ પ્રદેશના ધર્મશાળા અને સ્પિતી વેલીમાં વસવાટ કરે છે. આ તાલીમનુ મુખ્ય કેન્દ્ર કઝા મઠ છે. આ મઠમાં પ્રાણઉર્જાની, શ્રેષ્ઠ રીતે જીવવાની અને સહજ રીતે મૃત્યુને સ્વીકારવાની સઘન તાલીમ મેળવનાર નિખિલ મહેશ્વરી જેઓ હાલ અમદાવાદમાં છે. એમ.ફીલ સહિતની અનેક શૈક્ષણીક ડીગ્રી ધરાવતા નિખિલ મહેશ્વરીના પ્રાણઉર્જા જ્ઞાનનો લાભ લેવા માટે એક 'પ્રાણઉર્જાપ્રાપ્તિ શિબિર'નું આયોજન વિનામૂલ્યે તા.૨૪ ઓક્ટોબરે શનિવારના દિવસે બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન ૫૬, કેશવ પાર્ક સોસાયટી, કોલવડા રોડ, વાવોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. રસ ધરાવતાં સર્વેએ આ શિબિરમાં જોડાવા માટે પ્રિતિ મુકેશ મહેતાનો મો.નં.૮૩૨૦૪૧૮૪૫૨ સંપર્ક સાધવા જણાવાયું છે.

## પીએચ.ડી. થયા...



પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં સહાયક ગ્રંથપાલ તરીકે કાર્યરત સંદિપ પાઠકને લાયબ્રેરી અને માહિતી વિજ્ઞાન વિષયમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પીએચડી ડિગ્રી એનાયત કરવામાં આવી છે. તેમને 'લાયબ્રેરી સિક્યુરિટી : એ કેસ સ્ટડી ઓફ યુનિવર્સિટી લાઈબ્રરીસ ઓફ ધ ગુજરાત' આ શીર્ષક હેઠળ તેમણે ત્રણ પ્રકારની પુસ્તકાલય સુરક્ષા પર કામ કર્યું જેવી કે ડિઝાસ્ટર સિક્યુરિટી, હ્યુમન સિક્યુરિટી અને ટેકનિકલ સિક્યુરિટી સંશોધન ઉપર ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં એસોસિએટ પ્રોફેસર ડો. પ્રિયાંકી આર વ્યાસના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

# સરગાસણ પ્રાર્થના ગીન્સ ખાતેથી બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૨૦
શહેરી વિસ્તાર છોડીને વાહનચોર ટોળકી હવે ન્યું ગાંધીનગરની સોસાયટીઓમાં પગ પેસારો કર્યો છે. ત્યારે સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં આવેલી પ્રાર્થના ગ્રીન્સ સોસાયટીના પાર્કિંગમાંથી બુલેટની ચોરી થવા પામી છે. બુલેટ ચોરી અંગે માલિકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ૧.૬ લાખની કિંમતના બુલેટની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ પ્રાર્થના ગ્રીન્સ સોસાયટીમાં બી -૩૦૪ માં રહેતા બ્રિજેશકુમાર અરૂણકુમાર ગાંધી એ ગત તા.૧૬ ઓકટોબરના રોજ સાંજના સમયે પાર્કિંગમાં પોતાનું રોયલ એનફિલ્ડ બુલેટ જી.જે.૧૮.સી.ક્યું.-૪૫૭૮ પાર્ક કર્યું હતું. બ્રિજેશકુમાર બે દિવસ પોતાની કાર લઈને ફરતા હતા. ત્યારબાદ બુલેટની જરુર પડી ત્યારે ૧૮ ઓકટોબરના રોજ જોયુ તો પાર્કિંગમાં બુલેટ ન હતું. જેથી સોસાયટીમાં કામ કરતા કર્મચારીને પુછતા તેણે જણાવ્યું કે હતુ કે તા.૧૭ ના રોજ બપોરના સુમારે ૨૦ થી ૨૫ વર્ષનો યુવક બુલેટ લઈને નીકળ્યો હતો. જેને પગલે બુલેટ માલિકે પોતાની રીતે શોધખોળ કર્યા બાદ બુલેટ નહી મળી આવતા આખરે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# "તું ગામની બહાર રહે છે, તો કેમ અત્યારે ગામમાં આવ્યો" કહી પગમાં ધારીયું માર્યું

"તું ગામની બહાર રહે છે, તો કેમ અત્યારે ગામમાં આવ્યો છે," તેમ કહીને પાડોશમાં રહેતા વ્યકિતએ આધેડ પર ધારીયા વડે હુમલો કરી કર્યો હતો. પાડોશીએ આધેડને બંન્ને પગે ધારીયુ મારતા ઈજા પહોંચી હતી. સ્થાનિક નાગરીકોએ આધેડને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાતા ફ્રેકચરનું નિદાન થયું છે. બનાવ અંગે ઈજાગ્રસ્ત આધેડે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના વાસણા ખાતે રહેતા અને મુળ રૂપાલ ગામના વતની હસમુખભાઈ મુળજીભાઈ પરમાર(૪૫) રવિવારના રોજ તેઓ પોતાના ગામ રૂપાલ ખાતે આવ્યા હતા. વણકરવાસ ખાતે રહેતા હસમુખભાઈ ઘરની સાફ-સફાઈ કર્યા બાદ ઘર પાસે માતાજીનો ગરબો મુકી રહ્યા હતા. તે સમયે પાડોશમાં રહેતા અશોક અમથાભાઈ પરમાર આવીને અપશબ્દો બોલીને તું ગામની બહાર રહે છે, તો કેમ અત્યારે ગામમાં આવ્યો છે, તેમ કહેતા હસમુખભાઈ પરમારે ઘરે માતાજીનો ગરબો મુકવા માટે આવ્યો હોવાનું જણાવ્યું હતું. જેથી ઉશ્કેરાઈને અશોકભાઈ ધારીયુ લઈને મારવા માટે આવતા ફરીયાદી ગલ્લા પાસે જતા રહ્યા હતા. આ સમયે અશોકભાઈએ ધારીયુ જમણા પગે નળાના ભાગે મારીને હોહા કરી હતી. જેમાં ડાબા પગે પણ ધારીયુ વાગતા બંને પગમાંથી લોહી નીકળતા ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરીયાદીને જમણા પગે ફ્રેકચરનું નિદાન થયું હતું. જયારે બનાવ અંગે પેથાપુર પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રિન્સ પ્રજ્ઞેશભાઈ પટેલ, ઉ.વ. ૧૮, જીએસઈસીએલ કોલોની, ગાંધીનગર
- સ્વ. ચંદ્રિકાબેન જશવંતરાય ઠાકોર, ઉ.વ. ૬૬, ધણપ, તા. ગાંધીનગર
- સ્વ. હરેશકુમાર મધુસુદન ત્રિવેદી, ઉ.વ. ૬૨, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. આદરબા રતનસિંહ ચાવડા, ઉ.વ. ૭૦, લાકરોડા, તા. માણસા
- સ્વ. પ્રજાપતિ કાન્તિભાઈ બેચરદાસ, ઉ.વ. ૭૦, ધમેડા, તા. માણસા

# આ વર્ષે ધોળાકુવાનો 'ગબ્બર' કોરોના થીમ આધારિત બનાવાયો

## સતત ૧૫મા વર્ષે બળિયાદેવ યુવક મંડળની અનોખી આધ્યાત્મિક સર્જનાત્મકતા : આશરે દોઢસો ચોરસ ફુટમાં બે મહિનાની મહેનતના આધારે 'ગબ્બર'નું સર્જન : દૂર-સુદૂરથી દર્શનાર્થીઓ આવી રહ્યા છે













ગાંધીનગર, તા.૨૦
આ વર્ષે ભલે નવરાત્રીમાં ગરબા કરવાની છૂટ સરકારે આપી ના હોય પરંતુ ગાંધીનગરનો એક ગ્રામ્ય વિસ્તાર એવો પણ છે જયાં વર્ષોથી ગરબા યોજાતા જ નથી. ગાંધીનગરનું ધોળાકુવા ગામ એવુ છે જયાં કોઈ પૌરાણિક માન્યતાને કારણે ગામમાં નવરાત્રીના તહેવારમાં માતાજીની આરતી-પૂજા તો થાય છે પરંતુ કયારેય ગરબા રમવામાં આવતા નથી. જો કે અહીં ગરબા યોજાતા ના હોવાથી ગામના યુવાનો દ્વારા 'ગબ્બર' બનાવવાની પ્રથા શરૂ કરવામાં આવી છે અને આ ગબ્બર એવો જબ્બર બનાવવામાં આવે છે કે તેને નિહાળવા દૂર દૂરના સ્થળોએથી શ્રધ્ધાળુઓ આવે છે અને આ સતત ૧૫મું વર્ષ છે.

સામાન્ય રીતે દર વર્ષે નવરાત્રીમાં શેરી ગરબા ચોકમાં એક તરફ બાળકો ગબ્બર બનાવે તેવી પ્રથા દરેક જગ્યાએ જોવા મળે છે જેના થકી બાળકોમાં ધાર્મિકતા અને ઉત્સવ ઉજવવાની પરંપરાને શીખતાં હોય છે. ગાંધીનગરના ધોળાકુવા ગામનો ગબ્બર એ આ બાબતે સૌથી વિશિષ્ઠ સ્થાન ધરાવે છે કેમ કે છેલ્લા ૧૪ વર્ષથી આ ભવ્ય ગબ્બર આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. ગામના બળિયાદેવ યુવક મંડળના વીસેક યુવાનો દ્વારા તૈયાર કરવામાં આવતો આ ગબ્બર બે થી ત્રણ મહિનાની લાગલગાટ મહેનતથી તૈયાર થાય છે અને તેમાં દર વર્ષે નવી થીમ આધારિત સજાવટ કરવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીના પગલે 'કોરોનાથી સાવચેત રહો' થીમ આધારિત ગબ્બર બનાવાયો છે જેમાં ધનવંતરી રથ, માસ્ક પહેરવા જનજાગૃતિ ફેલાવતું ટ્રાફિક સર્કલ, આરોગ્ય કર્મચારીઓ વગેરે સહિત કુદરતી વનરાજી અને વન્યજીવો સહિતના પર્વત પર બીરાજતા માતાજીનું મંદિર, રોપ-વે, તળાવો, ધોધ, કુંડ, રાજાનો કિલ્લો, ગરબા રમતા ખેલૈયા, હાઈવે ટ્રાફિક સિગ્નલ્સ, વાહનો સાથેનો શહેરી વિસ્તાર, ઋષિ કુટિર, યજ્ઞવેદી, પનિહારીઓ, સ્કૂલ વગેરે જેવી અદભૂત માનવીય પ્રતિકૃતિઓ લાઈટીંગ વ્યવસ્થા સાથે વિશાળ આકાશમાં સંધ્યાકાળના નારા સાથેની સજાવટનો સમાવેશ થાય છે. આ ગબ્બર આશરે સવાસોથી દોઢસો ચોરસ ફુટમાં બનાવાયો છે જેને નિહાળવા દુર-સુદૂરથી શ્રધ્ધાળુઓ આવી રહ્યા છે જે માટે સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તેમ પણ આયોજકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગબ્બરને 'મહેન્દ્ર આર્ટ' નામની યુ ટયુબ ચેનલ પર પણ નિહાળી શકાય તેવી વ્યવસ્થા યુવાનો દ્વારા કરવામાં આવી છે.